Untold Stories of the Eminent Coaches
of Gujarat State

Part - I



વર્ષ ૧૯૬૦થી ૧૯૭૦ના દાયકામાં ગુજરાતમાં જીમ્નાસ્ટીકસ ક્ષેત્રે કોઇ ખાસ વિકાસ થયો ન હતો, તેવા સંજોગોમાં ગુજરાત સરકારમાં અનેક કોચ નિયુક્ત થયા અને તેઓએ પોતપોતાના ક્ષમતા અનુસાર જીમ્નાસ્ટીક્સ ક્ષેત્રે પોતાનું યોગદાન આપ્યું. જેમાં અમદાવાદ અને ભાવનગર જિલ્લાની વ્યાયામ શાળાઓ તથા ખેડા જિલ્લાની વ્યાયામ શાળાઓ જીમ્નાસ્ટીક્સની સ્પર્ધાત્મક રમતો તરીકે તાલીમ આપવાની શરૂઆત થઇ. આ સમયમાં મધ્યપ્રદેશ રાજ્યના ગ્વાલિયર જિલ્લાના શીવપુરી ગામના શ્રી રામદયાલ શર્માની નિમણૂંક તા. ૨૩/૦૯/૧૯૭૪માં ગુજરાત સરકારના કોચ તરીકે થઇ. દેવગઢ બારિયાથી પોતાની પ્રથમ નિમણૂંક પામી જીમ્નાસ્ટીક્સ પ્રવૃત્તિના વિકાસ માટે પ્રયત્નો આદર્યા. સને ૧૯૭૪માં જોડાઇ ખૂબ જ ટૂંકા ગાળામાં સુરત, નર્મદા, ભરૂચ, વડોદરા, અમદાવાદ અને ગાંધીનગરને પોતાની કર્મભૂમિ બનાવી જીમ્નાસ્ટીક્સ ક્ષેત્રેના વિકાસ માટે વિવિધ શાળાઓ, મહાશાળાઓ, અખાડાઓનો સંપર્ક કરી જીમ્નાસ્ટીક્સની પ્રવૃત્તિનો વિકાસ આદર્યો. તેઓના ઉત્કૃષ્ટ પ્રયત્નોથી ૧૯૭૪થી લઇ ૧૯૮૪ સુધીના દાયકામાં દક્ષા પટેલ, પંકજ કાપડીયા, દીપક દબડે, દીપક ગાંધી, અરુણ રાઠોડ, જતિન સોની, રણજીત વસાવા, રાજુ વસાવા, ભદ્રીકા, મનિષા, ગાયત્રી, રાજુ પટેલ, બળવંત કાપડીયા, કનુ રાઠોડ, કીરીટ રાઠોડ, કૌશિક બીડીવાળા જેવા અનેક ખેલાડીઓ તૈયાર કરવામાં પોતાનું ઉત્કૃષ્ટ યોગદાન આપ્યું. જીમ્નાસ્ટીક્સ પ્રવૃત્તિને વેગ આપવા માટે પોતાની સાથે ઘણા સ્પોર્ટ્સ ટ્રેનરોનો સહયોગ પણ લીધો. જેમાં કિશોર મૈસુરિયા, ધનસુખ બીડીવાળા, ગૌરીશંકર દવે જેવા અનેક સહયોગીઓનો સમાવેશ થાય છે. તેઓનું વ્યવસાયિક જીવન વર્ષ ૨૦૦૭ સુધી રહ્યું અને પોતાના વ્યવસાયિક જીવન દરમિયાન સૂર્યપુર વીર વ્યાયામ શાળા, અનાથ આશ્રમ કતારગામ, સેંટ ઝેવિયર્સ સ્કુલ સુરત, હિન્દુ મિલન મંદિર સુરત, છોટુભાઇ પુરાણી આદિવાસી આશ્રમશાળા રાજપીપળા, છોટુભાઇ પુરાણી વ્યાયામ શાળા તથા સાર્વજનિક હાઇસ્કૂલ સિનોર, ભરૂચ, ભાવનગર, વડોદરા અને દેવગઢ બારિયાના અનેક તાલીમ સ્થળોએ જીમ્નાસ્ટીક્સના વિકાસ માટે પોતાનું યોગદાન આપ્યું.

જીમ્નાસ્ટીક્સની પ્રવૃત્તિ, તાલીમ અને તેના વિકાસમાં ગળાડૂબ રહેનાર રાહબરોના નામની ચર્ચા કરીએ તો શ્રી રામદયાલ શર્માનું નામ પ્રત્યેક ખેલાડી અને કોચશ્રીઓના હોઠે અને હૈયે હોય છે. ખેલાડીની તૈયારી પાછળ પોતાની નોકરીના સમય કરતાં પણ વધારે સમય ખેલાડીની તાલીમ માટે આપતા. ખેલાડીઓના માતા-પિતા, શાળાના શિક્ષકો સાથે ઘનિષ્ટ સંપર્ક સાધી ખેલાડીઓના આહાર-વિહાર અને અભ્યાસની પણ એટલી જ કાળજી લેતા. તેઓની તાલીમ માટે પોતાના સ્તરેથી સંપૂર્ણ આયોજન કરી તાલીમ દરમિયાન

ખેલાડીનો અમૂલ્ય સમય ના બગડે તેની સતત કાળજી રાખતા શ્રેષ્ઠ રાહબરોની હરોળમાં લોકોએ તેમને જોયા છે તથા બિરદાવ્યા છે.

શ્રી રામદયાલ શર્મા એક કર્મઠ, મહેનતી અને શિસ્તપ્રેમી કોચ તરીકે જીમ્નાસ્ટિક્સ ક્ષેત્રે ગુજરાત રાજ્યમાં જાણીતા બન્યા. તેઓએ પોતાના સેવાકાળ દરમિયાન અનેક સિદ્ધિઓના સોપાનો સર કર્યા. તેઓના અથાગ પ્રયાસોથી જીમ્નાસ્ટિક્સ રમતને લોકપ્રિય બનાવી. ૧૯૭૦થી ૧૯૭૯ના તબક્કામાં જીમ્નાસ્ટિક્સ રમતને ગુજરાતમાં હીન ભાવનાથી જોવામાં આવતી. તેને સરકસ સાથે જોડીને રમતની સામાજિક ગરીમા ઓછી અંકાતી હોવાને કારણે ઓછા લોકો જોડાતા પરંતુ બાળકો અને યુવાનોને આકર્ષવા જીમ્નાસ્ટિક્સના તાલીમબદ્ધ યુવાનો, શાળાઓ, કોલેજો તથા જાહેર બગીચામાં રમતને લોકો સુધી પહોંચાડવા વ્યાયામ અને જીમ્નાસ્ટિક્સના અદ્દભૂત નિદર્શનો યોજવાનું આયોજન કર્યું અને તેની વિગતે સમજુતી આપવા સુદ્દઢ પ્રયાસ કર્યો. દિવસ દરમિયાન અનેક શાળાના વ્યાયામ શિક્ષકો તથા આચાર્યનો સંપર્ક કરી તાલીમબદ્ધ યુવા જીમ્નાસ્ટને મૂળભૂત તાલીમ આપવા રોક્યા, જેનાથી અનેક શાળાઓ જીમ્નાસ્ટિક્સની પ્રવૃત્તિઓમાં જોડાઇ અને આ પ્રમાણે જીમ્નાસ્ટિક્સની પ્રવૃત્તિઓ શાળા સ્તરે વ્યાપ વધતાં રોજબરોજ યોજાવા લાગી. તેઓનો લોકસંપર્ક પણ અદ્દભૂત હતો, જેને કારણે જે તે કુટુંબના બાળકોને પણ જીમ્નાસ્ટિક્સ વિશે ખ્યાલ આપતા, રસ જગાવતા અને તાલીમ માટે પ્રોત્સાહિત પણ કરતાં. ગુજરાત સરકારના કોચ તરીકે બેથી ચાર જેટલા જિલ્લાઓમાં આ જ પ્રમાણે શાળાઓ અને વ્યાયામ શાળાઓ સાથે જોડાઇને જીમ્નાસ્ટિક્સ પ્રવૃત્તિઓ કરતાં અને ઉભરતા ખેલાડીઓ માટે પ્રોત્સાહક વાતાવરણનું નિર્માણ કરતા.

કોચની નિષ્ઠાને ઉજાગર તથા તેમના રમતપ્રેમ અને વ્યવસાયિક પ્રેમને ઉજાગર કરવા માટે તેમના જીવનની એક નાનકડી ઘટના પ્રસ્તૃત છે.

૧૯૭૯ના વર્ષમાં ઘનિષ્ઠ પ્રશિક્ષણ શિબિર સેકટર-૧૫, ગાંધીનગર ખાતે સ્વીમીંગ કોચીઝ કેમ્પસમાં આવેલ એક ખેલાડી જીમ્નાસ્ટિક્સની પ્રવૃત્તિઓ જોવા માટે પોતાની તાલીમ શરૂ થાય તે પહેલાં રોજ અડધો કલાક ઉભો રહેતો. રામદયાલ શર્મા આર્મીની એક ટીમને વોલ્ટીંગ હોર્સની વિવિધ પ્રવૃત્તિઓની તાલીમ આપતા હતા. સ્વીમીંગની ગેમની પ્રશિક્ષણ શિબિરમાં આવેલ એક ખેલાડી સતત ત્રણ-ચાર દિવસથી આ પ્રવૃત્તિને જીજ્ઞાસાપૂર્વક નિહાળતા બાળકની જીજ્ઞાસા જોઇ રામદયાલ શર્મા તેને પ્રવૃત્તિઓ વિશે સમજણ આપવા માટે બોલાવ્યો. તો તે ખેલાડીએ વોલ્ટીંગની અઘરી કસોટી તે સરળતાપૂર્વક કરી શકે તેમ છે તેવી વાત કરતાં તે ખેલાડીમાં રસ જાગ્યો. તેના સ્વીમીંગના અડધો કલાક પહેલાં તેને બોલાવી પોતે પણ અડધો કલાક પહેલાં સ્થળ પર હાજર રહ્યા. વોલ્ટીંગ હોર્સની પ્રવૃત્તિ માટે માર્ગદર્શન આપ્યું. આશ્ચર્યજનક રીતે ફક્ત બે દિવસમાં જ તે ખેલાડીએ વોલ્ટીંગ હોર્સની પ્રવૃત્તિઓની તમામ મૂળભૂત કૌશલ્યો હસ્તગત કરી લીધા અને તાલીમબદ્ધ ખેલાડી જે રીતે કૌશલ્યો કરતા હોય તેવી રીતેના તમામ કૌશલ્યો તે ખેલાડીએ હસ્તગત કરી લીધા. આ જોતાં રામદયાલ શર્માને લાગ્યું કે આ ખેલાડીનું સ્વીમીંગ કરતાં જીમ્નાસ્ટિક્સમાં સ્પોર્ટ્સ કેરિયર ઉજ્જવળ છે અને ટૂંક સમયમાં વોલ્ટીંગ હોર્સની પ્રવૃત્તિઓમાં ગુજરાતને મેડલ આપી શકાય તેમ છે. તેના વિશેની વિગતો મેળવી તેના ગામમાં જે શાળામાં અભ્યાસ કરતો હતો તે શાળાના આચાર્યશ્રી, વ્યાયામ શિક્ષકને મળી બાળકની ક્ષમતા વિશે માહિતી આપી અને તેના માતા-પિતાને પણ મળી

બાળકને રાષ્ટ્રીય સ્તરનો ખેલાડી બનાવી શકાય તેમ છે અને આ માટે તે પોતે જ સંપૂર્ણ કાળજી લેશે તેવું જણાવી તેના માતા-પિતાનો પણ વિશ્વાસ કેળવ્યો. બાળક ધોરણ-૧૦માં અભ્યાસ કરતો હોઇ તેના માતા-પિતા થોડા મુંઝવણમાં હતા પરંતુ કોચની વાત પર વિશ્વાસ મૂકી બાળકને તાલીમ માટે જવા મંજૂરી આપી. સરકારને રજૂઆત કરી ગુજરાતના અંતરિયાળ ગામડામાં ૨૧ દિવસના કોચીંગ કેમ્પનું આયોજન કર્યું. શાળાના અનેક વિદ્યાર્થીઓ પણ કોચીંગ કેમ્પમાં જોડાયા. જીમ્નાસ્ટિક્સ જેવી પ્રવૃત્તિ અનેક લોકો માટે તદ્દન નવી હોઇ તથા વ્યાયામ શિક્ષકો, શાળાના સંચાલકો અને બાળકના વાલીઓને એકજૂટ કરી ૨૧ દિવસમાં જીમ્નાસ્ટિક્સની પ્રવૃત્તિઓ માટે એક સુંદર માહોલ તૈયાર થઇ ગયો અને આ કોચીંગ કેમ્પમાં અંદાજે ૧૦૦ થી ૧૫૦ જેટલા બાળકો અને યુવાઓ રોજબરોજ તાલીમમાં આવવા લાગ્યા. કોચીંગ કેમ્પ બાદ રાજ્ય કક્ષાની સ્પર્ધામાં આ નાનકડા ગામડાના બાળકે આપેલ સઘન તાલીમના કારણે પ્રથમ રાજ્ય કક્ષાની સ્પર્ધામાં વિજેતા થયો. રાષ્ટ્રીય સ્પર્ધામાં પસંદગી પામ્યો, જેનાથી શાળાના વહીવટીતંત્ર અને ગ્રામ્યજનો ગૌરવ લેવા લાગ્યા. નાનકડા ગામડામાં જઇ આ પ્રકારના કૌશલ્યો ધરાવતા બાળકને સઘન તાલીમ આપી રાષ્ટ્રીય સ્તર સુધી પહોંચાડવાના પ્રયત્નો વંદનીય ગણી શકાય. રમત અને પોતાની પ્રવૃત્તિ પ્રત્યે સમર્પણ ભાવ ધરાવનાર કોચ આ પ્રકારના કાર્યો કરી શક્યા. અત્રેથી પૂર્ણ ન થતાં રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધા માટે સુદ્રઢ અને સુવ્યવસ્થિત રીતે તૈયાર કરવા બાળકને પોતાના ઘરે લઇ જઇ સ્વખર્ચે તાલીમ આપવાની શરૂઆત કરી. જેના પરિણામ સ્વરૂપે તે બાળક પોતાની તાલીમના બીજા જ વર્ષમાં રાષ્ટ્રીય સ્તરે સુવર્ણપદક હાંસલ કર્યો અને ગુજરાત તથા રાષ્ટ્રિય સ્તરના કુલ ૧૪ જેટલા પદકો હાંસલ કરી શકયો, જેના પરિપાકરૂપે તેમના અથાગ પ્રયત્નોથી બાળકની રમત નિપુર્ણતાની સાથે તેના અભ્યાસ માટે ચિંતિત રહી વ્યવસાયિક સજ્જતાના વિકાસ માટે તેને પહેલાં રેલ્વેમાં નોકરી અપાવી ત્યારબાદ કોચ તરીકેની વ્યવસાયિક સજ્જતા મેળવવા માટે વધુ અભ્યાસ માટે આગળ વધવા પ્રેરણા આપી. તેના જીવનની પ્રત્યેક પળો તેના માર્ગદર્શક બની તેનો પ્રેરણાસ્ત્રોત પણ બનતા રહ્યા.

પોતાના ખેલાડી માટે અને તેના ભાવિ જીવન માટે સતત ચિંતનશીલ રહેવું તથા રમતજીવન પછીના ભવિષ્ય વિશે ચિંતા કરી બાળકના પોતાના વ્યવસાયમાં શ્રેષ્ઠ સ્તર પ્રાપ્ત કરવા માટે ફક્ત રમતગમતના વિકાસ માટે કોચ તરીકે નહીં પરંતુ તેના ભાવિ જીવનના ઘડતરમાં ફાળો આપવો અને તેના પ્રેરણાસ્ત્રોત બની તેની સિદ્ધિઓ માટે ગૌરવ લીધા વગર નિસ્પૃહી ભાવે પોતાના ખેલાડીના વિકાસ માટે યોગદાન આપનાર આ પ્રકારના મહામાનવોને વંદન કરવું ઘટે. આ પ્રકારના અનેક ખેલાડીઓના જીવનમાં પ્રેરણાસ્ત્રોત બની પોતાના જીવનના અમૂલ્ય વર્ષ પોતાના ખેલાડી માટે ફાળવી તેના રમતગમતના વિકાસ, વ્યક્તિગત વિકાસ તથા વ્યવસાયી વિકાસ માટે પોતાનો અમૂલ્ય ફાળો આપે તેજ સાચો રાહબર.

આ પ્રકારના રાહબરના ઉત્કૃષ્ટ અને નિઃસ્પૃહી કર્તવ્ય માટે કોટીકોટી વંદન.

